# ઘરે સારવાર લેતાં કોરોનાના ગંભીર દર્દીઓ માટે રેમડેસિવિર આપવી જોઈએ

## હોસ્પિટલોમાં બેડની અછત છે ત્યારે વિકલ્પે ઘરે જ સારવાર લેવી પડે તેમ હોય ત્યારે ગંભીર સ્થિતિમાં રેમડેસિવિર ઈન્જેક્શન ખાસ કિસ્સામાં ફાળવવું જોઈએ

**સમયસર**

એક તરફ સરકારી-બિન સરકારી નાની-મોટી તમામ હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી હાઉસફુલ છે. નવા કોઈ દર્દીને તાત્કાલિક કોઈ હોસ્પિટલમાં જગ્યા મળી શકે તેમ નથી.

આ સ્થિતિમાં સેંકડો પરિવારો હોમ ક્વોરોન્ટાઈન થયા છે અને 'હોમકેર' સેવાનો લાભ મેળવી રહ્યા છે. કોરોનાગ્રસ્ત ઘરે સારવાર લઈ રહેલ દર્દીઓને ફેમીલી ડૉક્ટર કે ફીઝીશ્યન ઓનલાઈન તપાસે છે અને દવાઓ માટે માર્ગદર્શન આપે છે. હોસ્પિટલોમાં જગ્યા નહીં હોવાના કારણે ના વિકલ્પે ઘરે સારવાર લઈ રહેલ પૈકીના કેટલાંય દર્દીઓની સ્થિતિ ગંભીરથી અતિ ગંભીર બની ગઈ છે. હોસ્પિટલમાં બેડ માટે રઝળપાટ કર્યા પછી પણ જગ્યા ના મળી હોય એવા અસંખ્ય દર્દીઓ દવા અને ઈન્જેક્શન માટે વલખા મારે છે.

છેલ્લા બે દિવસથી વહીવટીતંત્ર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ માત્ર સરકારી કે કોવિડ હોસ્પિટલોને જ રેમડેસિવિર ઈન્જેક્શનની ફાળવણી થઈ રહી છે. આ નિર્ણયના પગલે ઘરે સારવાર આપી રહેલા તબીબો અને સારવાર લઈ રહેલા દર્દી પરીવારોમાં ભારે હાહાકાર મચ્યો છે. એક તરફ હોસ્પિટલમાં જગ્યા નથી અને બીજી તરફ ઈન્જેક્શનના ફાંફાં છે ત્યારે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા કોરોનાના દર્દીઓ ભારે હતાશા અનુભવી રહ્યાં છે. સરકાર તાકીદે આ સંદર્ભે સકારાત્મક વિચાર કરે એવી નાગરિકોની અને માધ્યમોની તીવ્ર માંગણી અને લાગણી છે.

ઘરે સારવાર મેળવતા કોરોનાગ્રસ્ત દર્દીને તેમના ફીઝીશ્યન દ્વારા નજીકની સરકારી હોસ્પિટલમાં નોંધણી કરાવીને રેમડેસિવિર ઈન્જેક્શનની ફાળવણી કરવી ખુબ જ તાકીદની માંગ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સીસ્ટર, બેડ, ઓક્સિજનનો બાટલો અને બ્લેકમાંથી ઈન્જેકશન, બધુ લઈને આવ્યો છું... ખાલી ડોક્ટરની વ્યવસ્થા તમે કરી આપો...!!

# બાબા સાહેબની ૧૩૦મી જન્મજયંતિની ઉજવણી કરાઈ





ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૦ મી જન્મજયંતિ પ્રસંગે ઘ-૪ સ્વર્ણીમ પાર્ક ખાતે આવેલી ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવીને આંબેડકર જયંતિની ઉજવણી કરી હતી. ડો.બાબા સાહેબની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવા વિવિધ સામાજીક સેવાકીય સંસ્થાઓ, સમાજના આગેવાનો, વિવિધ પક્ષના હોદેદારો, કાર્યકરો સહિત નાગરીકો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે ડો.બાબા સાહેબની જન્મજયંતિ પ્રસંગે આગેવાનો દ્વારા સોશ્યય ડિસ્ટન્સ અને મોઢા પર માસ્ક પહેરી કોવીડની ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં વધુ ૪ હોસ્પિટલને કોવિડ હેલ્થ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવી છે. જેમાં હાઈટેક હોસ્પિટલ ગાંધીનગર, પગરવ હોસ્પિટલ ગાંધીનગર અને દહેગામની બે હોસ્પિટલનો સમાવેશ થાય છે.
- દહેગામ સી.એચ.સી.ને રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ફાળવવા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. આ અગાઉ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ ૨૫૦૦ ઈન્જેકશન ફાળવવા માંગ કરી હતી.
- માણસામાં વધતા સંક્રમણને પગલે ૧૪ મી એપ્રિલથી ૨૨ એપ્રિલ સુધી માર્કેટયાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરની જાણીતી મહિલાઓની સંસ્થા જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતનાબેન બુચ પણ કોરોનાથી સંક્રમિત થયા છે.
- મધુર ડેરીના ઉચ્ચ અધિકારી રોહિત મહેતા કોરોનાથી સંક્રમિત થયા છે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય રાકેશ દવે અને પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.
- સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ (કેપીટલ ઓફસેટ) અને પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્ય અને જાણીતા કવિ ધ્વનિલ પારેખ કોરોનાથી સંક્રમિત થયા છે.
- માહિતી નિયામકશ્રીની કચેરીમાં આર.આર. બ્રાન્ચના સિનીયર સબ એડિટર તરીકે ફરજ બજાવતા અંકુર શ્રીમાળી અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ફરજો બજાવતા દ્રોનિક શ્રીમાળીના પિતા રમણલાલ શ્રીમાળીનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર તાલુકાના છાલા પ્રા.આ. કેન્દ્રમાં રેપીડ એન્ટીજન ટેસ્ટની કીટ ખુટી હોવાનું બહાર આવ્યું છે.
- જાણીતા વેપારી અગ્રણી બળદેવભાઈ પટેલનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.

# ચંદ્રાલા ગામમાં બપોરે ૧ વાગ્યા બાદ સ્વૈચ્છિક લોકડાઉન



ચિલોડા, તા. ૧૪

હાલમાં કોરોના કેસોનું પ્રમાણ વધતાં તકેદારીના ભાગરૂપે ચંદ્રાલા ગ્રામ પંચાયત દ્વારા કોરોના સંક્રમણની વધતી સ્થિતિને ધ્યાનમાં રાખી જનહિતાર્થે કેટલાક નિર્ણયો લેવાની જરૂરીયાતમાં ગામની તમામ દુકાનો, લારી-ગલ્લા વગેરે ઉપર થતું વેચાણ સવારના ૬ થી બપોરના ૧ વાગ્યા સુધી ચાલુ રાખી શકશે. તે સિવાય બપોર બાદ બંધ રાખવાનુ રહેશે.

- સરકારની ગાઈડલાઈન પ્રમાણે પાન-મસાલાના ગલ્લા તા. ૩૦-૪-૨૦૨૧ સુધી સંપુર્ણ બંધ રાખવા.
- કોઈપણ જગ્યાએ એક કરતાં વધારે વ્યક્તિ ભેગા ના થઈ ટોળા વળવાનું બંધ કરવું.
- સરકારની ગાઈડલાઈન મુજબ સોશ્યલ ડિસ્ટન્સનું તેમજ માસ્કનું ફરજીયાતપણે પાલન કરવું.
- જે ઘરમાં કોરોના પોઝીટીવ દર્દી હોય તેઓએ આરોગ્ય ખાતાના સલાહ મુજબ કોરોન્ટાઈન કે આરોગ્ય વિષય ઉપાયો કરવા.
- મેડીકલ સ્ટોર્સ તથા દવાખાનાઓને આ આદેશ લાગુ પડશે નહીં.
- ગામ બહારથી આવેલ ફેરીયા તથા ગામ સિવાયની કોઈપણ વ્યક્તિને પ્રવેશ માટે મનાઈ ફરમાવી છે.

આમ ચંદ્રાલા ગામમાં સ્વૈચ્છિક લોકડાઉનમાં સ્વયંભુ બપોર બાદ બંધ પાળ્યો હતો.

# ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ઠપ્પ : મજુરો પણ હોળી બાદ આવ્યા નથી

## ગ માર્ગ પર ટ્રાફિક સિનારિયો બદલાયો છે : માર્ગને સિકસલેન કરવાનુ કામ આમ પણ છેલ્લા ઘણાં સમયથી મંદ ગતિએ ચાલી રહ્યુ હતું

ગાંધીનગર, તા. ૧૪

શહેરના ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી છેલ્લા ઘણાં સમયથી ઠપ્પ થઈ ગઈ છે. એકબાજુ ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે સિકસલેન બનાવાની યોજનાનુ કામ ખોરંભે ચઢ્યુ છે. હોળી ધુળેટી બાદ મજુરો પણ પોતોના વતનમાંથી આવ્યા નથી જેના લીધે માર્ગ સુધારણાના કામો પણ અટવાયા હોવાનુ ધ્યાને આવ્યુ છે.

શહેરના ગ માર્ગનુ કામ છેલ્લા ઘણાં સમયથી બંધ છે. ગ માર્ગને સિકસલેન કરવા માટે તંત્ર દ્વારા આયોજન કરાયુ છે. જયારે આ કાર્યયોજના અન્વયે પ્રારંભિક તબક્કે માર્ગની બન્ને બાજુ ખોદકામ અને મેટલ કામ કરીને કપચી પાથરી દેવામાં આવી છે. પરંતુ છેલ્લા ત્રણ ચાર મહીનાથી ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. બીજીતરફ નગરના અન્ય માર્ગોને અનુલક્ષીને પણ કોર્પોરેશન દ્વારા કામ હાથ ધરાયુ છે. ત્યારે ગ માર્ગ પર એકબાજુ ગ- ૪ પાસે અન્ડર પાસની યોજના સંદર્ભે પણ કામગીરી ચાલી રહી છે. ત્યારે ગ - ૪ પાસે પણ ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. ગ માર્ગ પર અન્ડર પાસ તેમજ માર્ગન સિકસલેન બનાવાની કામગીરી હાલ બંધ છે. એકબાજુ આ માર્ગના વાઈડનીંગને અનુલક્ષી વૃક્ષોનુ પણ માર્કીંગ કરાયુ છે. ત્યારે લાંબા સમયથી માર્ગની કામગીરી ઠપ્પ થઈ જતા ડાયવર્ઝન અને આસપાસ સર્જાયેલા ખાડાના લીધે ટ્રાફિકની અવરજવર પણ મુશ્કેલ અન અસલામત બની છે. જેના લીધે વાહનચાલકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. હાલ માર્ગ સુધારણાની કામગીરી આમ પણ મંદ પડી ગઈ છે. હોળી ધુળેટીના પર્વ દરમિયાન પોતોના વતનમાં ગયેલા મજુરો પણ પરત આવ્યા નથી જયારે કોરોનાના કેસ વધતા આ મજુરો ઝડપથી પાછા આવશે કે કેમ તે મામલે પણ અનેક સવાલો મંડરાયા છે. ત્યારે ગ માર્ગની કામગીરી ઝડપથી શરૂ કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. શહેરમાં ખ માર્ગ બાદ હાલ મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે નગરના મુખ્ય માર્ગ પૈકી માત્ર ગ માર્ગને જ સિકસલેન કરવાની કામગીરી બાકી છે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ પણ આગામી ચાર મહીનામાં પુર્ણ કરી દેવાશે. ગ માર્ગને સિકસલેન કરવા માટે બાકી કામ ટુંકમાં શરૂ કરી દેવાશે

# સે-૬ માં સંત રોહીદાસ મંદિર પાસે પાણીની લાઈનમાં લીકેજ



સે-૬ માં સંત રોહીદાસ મંદિર પાસે પાણીની લાઈનમાં લીકેજ થતા આ વિસ્તારમાં રોજબરોજ પાણીના ખાબોચિયા ઉભરાય છે. આ સમસ્યા દુર કરવા અને પાણીનો બગાડ અટકાવવા માટે સ્થાનિકોએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં આમપણ પાણીનો વપરાશ વધ્યો છે ત્યારે પાણીનો બગાડ ન થાય તે મામલે પણ નાગરિકો જાગૃત બન્યા છે.

# કોરોના મુક્ત કરવા માટે બ્રાહ્મણોએ ચંડીપાઠ કર્યા

શ્રી સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વને કોરોનાની મહામારીથી મુક્ત કરવા માટે શાસ્ત્રમાં જણાંવ્યા મુજબ ચૈત્રી નવરાત્રિના પવિત્ર દિવસો દરમિયાન દેવીઅથર્વશીષ તેમજ ચંડીપાઠનુ પોત પોતાના ઘરે આયોજન કરાયુ હતુ. ચૈત્રી નવરાતના પ્રથમ દિવસે જ બ્રાહ્મણ પરિવારોએ આ પાઠ કરી કોરોના કહેરને ડામવા માટે દિવ્ય શકિતને પ્રાર્થના કરી હતી. માં જગદંબાની અસીમ કૃપા ગાંધીનગર અને ગુજરાત સહીત સમગ્ર દેશ અને વિશ્વને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે બ્રાહ્મણો દ્વારા આ પાઠનુ આયોજન કરાયુ હતુ. તેમ ટ્રસ્ટના પ્રમુખ કલ્પેશ મહેતા અને પંકજ પંડયાએ જણાંવ્યુ છે.

# શહેરમાં જુનાગઢની કેસર કેરીનું આગમન

## એક બોક્ષના રૂ. ૧૧૦૦ થી ૧૫૦૦ સુધી ભાવ : મેન્ગો લવર્સમાં નારાજગી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસોમાં તરબુચ ટેટી બાદ હવે પાકી કેરી પણ બજારમાં આવી ગઈ છે. સુંદરી કેરી બાદ હવે જુનાગઢની કેસર કેરી પણ વેચાણ થઈ રહી છે. પરંતુ કેરીના ભાવ વધુ હોવાથી મેન્ગો લવર્સમાં નારાજગી વ્યાપી છે. કેરીના પ્રતિ બોક્ષ દીઠ ગ્રાહકો પાસેથી રૂ ૧૧૦૦ થી ૧૫૦૦ વસુલવામાં આવી રહ્યા છે. કોરોના કાળમાં અન્ય ફ્રુટસનો પણ ભાવ આસમાને છે. ત્યારે કેરીની સિઝનની શરૂઆતમાં હાલ ભાવ વધુ હોવાથી નગરજનો હજુ કેરી ખરીદવાનુ ટાળી રહ્યા છે

શહેરમાં આકરી ગરમીના દિવસો શરૂ થતા ઉનાળાના આગમન સાથે તરબુચ , ટેટી સહીતના રસાળ ફ્રુટસનો પણ બજારમાં ઢગ ખડકાયો છે. ત્યારે ઉનાળાની ગરમીમાં કેરીના રસ અને ફળનુ વિશેષ આકર્ષણ હોય છે. ગુણવત્તાયુકત કેરી ખરીદવા માટે બજારમાં વેપારી પાસે મુલાકાતીઓ રોજબરોજ પુછતાછ કરતા નજરે પડે છે. શહેરના સે-૨૧, સે-૭ અને સે-૨૪ ના બજારમાં હાલ સુંદરી કેરીની પણ બોલબાલા છે. ત્યારે છેલ્લા ચાર પાંચ દિવસથી બજારમાં કેસર કેરી પણ જોવા મળી રહી છે.





કેસર કેરી જુનાગઢની હોવાનુ જણાંવતા વેપારીઓ ગ્રાહકોની સાથે ભાવમાં કોઈ સમાધાન કરવા માંગતા નથી જેના લીધે આ વર્ષે કેરીના એક બોકસની કીંમત રૂ ૧૧૦૦ સુધી રાખવામાં આવી છે. જો કે કેટલાક ઠેકાણે જુનાગઢની અસલ કેસર કેરી હોવાની હૈયાધારણા સાથે વેપારીઓ ૧૧૦૦ થી ૧૫૦૦ રૂપિયા પ્રતિબોક્ષ વસુલવા ઉત્સુક હોય છે. ગત વર્ષ કરતા પાકી કેરીના ભાવમાં નોંધપાત્ર વધારો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. કોરોનાના કપરા કાળમાં નાગરિકો જરૂરી વિટામીન્સ મળી રહે તે માટે ફ્રુટસ ખાવાનુ વધુ પસંદ કરે છે. પરંતુ હાલ કેરી સહીત અન્ય ફળોના ભાવોમાં પણ તોતિંગ વધારો થતા આમ નાગરિકો માટે ફ્રુટ ખાવાનુ મુશ્કેલ બન્યુ છે. શહેરના ચ- ૩ કોર્નર તેમજ સે-૨૧ પોલીસ સ્ટેશન સામેના મીના બજાર તરફ જવાના રસ્તા પાસે પણ કેરીના બોક્ષનુ વેચાણ થઈ રહ્યુ છે. પરંતુ હાલ કેરીનો ભાવ આમ નાગરિકોને પોષાય તેમ નથી જેથી મોટાભાગના કેરી ખરીદવાનુ ટાળી રહ્યા છે. કેરીનો પાક પુરતા પ્રમાણમાં થયો છે આમછતા ભાવ વધુ લેવાતો હોવાનો આક્રોશ પણ નાગરિકોમાં પ્રબળ બન્યો છે.

# સાદરા સંકુલમાં વિનોબાજી સાહિત્ય સંવાદ યાત્રાનું આયોજન કરાયું

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ મ.પટેલના ઈશાવાસ્ય-વૃત્તિ પુસ્તકનું વાંચન ગૃહપતિ મોહનભાઈ પટેલ અને ભરતભાઈ પટેલે કર્યું. ડો. મોતી



આયોજન પ્રમાણે તા. ૧૦-૪-૨૦૨૧ થી તા. ૧૪-૪-૨૦૨૧ દરમ્યાન વિનોબાજી સાહિત્ય સંવાદ યાત્રા હાથ ધરાઈ. કોવિડ-૧૯ માર્ગદર્શિકાના ચુસ્ત પાલન સાથે સામાજિક દુરી રાખી સંકુલમાં રહેતાં ઈચ્છા ધરાવતા ભાઈઓ-બહેનોની બેઠકમાં દેવું, વિશાલ માંગરોલીયા સ્મીતા ગામીત આ બેઠકમાં ભાગ લીધો. આ વિનોબાજી સાહિત્ય સંવાદ યાત્રા ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના માનદ નિયામક વિસ્તરણ ડો. રાજેન્દ્રભાઈ ખીમાણીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.